## અધિસુચન

ધી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬
ધી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો ૧૯૭૯

મુસદ્દારુપ નગર રચના યોજના, સુરત નં. ૪૫ (જહાંગીરપુરા–પીસાદ)

આથી તમામ હિત ધરાવતી અને સંબંધિત વ્યક્તિઓને જણાવવાનું કે, ગુજરાત સરકારશ્રી ના તારીખ :– ૨૫–૧૧–૨૦૦૩ ના રાજયપત્રના ભાગ IV-B ના વોલ્યુમ XLIV ના પાના નં. ૩૩૫–૧ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલ શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા. ૧૯–૧૧–૨૦૦૩ ના અધિસુચના ક્રમાંક : જીએચવી/૨૦૦૩ નો ૨૦૬/ટીપીવી/૧૦૨૦૦૩/૭૨૫(૧)/વ. થી મંજુર કરેલ મુસદ્દારુપ નગર રચના યોજના, સુરત નં. ૪૫ (જહાંગીરપુરા–પીસાદ) ને અંતિમ કરવા માટે નગર રચના અધિકારી, નગર રચના યોજના, ફુલપાડા–કપાદ્રા, યુનિટ સુરતની નગર રચના અધિકારી તરીકે નિમણુંક કરવામાં આવેલ છે.

ધી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો ૧૯૭૯ ના નિયમ – ૨૬ ના પેટાનિયમ (૧) ની જોગવાઈઓ મુજબ આ નોટીસથી જાહેર કરુ છું, કે આજ રોજ તા. ૨૬–૦૨–૨૦૦૪ ને ગુરુવારના રોજ ઉપરોકત નગર રચના યોજનાને અંતિમ કરવા માટે નગર રચના અધિકારી તરીકેની ફરજો સંભાળી લીધેલ છે.

મુસદ્દારુપ નગર રચના યોજના, સુરત નં. ૪૫ (જહાંગીરપુરા–પીસાદ)

**હદ નિશાન**

| | | |
|---|---|---|
| ઉત્તરે | – | મોજે સરોલીગામની હદ. |
| દક્ષિણે | – | ટી.પી.સ્કીમ નં.૩૦ (રાંદેર) અને ટી.પી.સ્કીમ નં.૪૪ (જહાંગીરાબાદ) ની હદ. |
| પૂર્વે | – | ટી.પી.સ્કીમ નં.૪૬ (જહાંગીરપુરા) ની હદ. |
| પશ્ચિમે | – | મોજે ગામ વીહેલ અને વનકલા ની હદ. |

યોજનાનો કુલ વિસ્તાર :– ૧૧૦ હેકટર (આશરે)

ઉપરોકત મુસદ્દારુપ નગર રચના યોજના, સુરત નં. ૪૫ (જહાંગીરપુરા–પીસાદ) માં બ્લોક નં. ૧ થી ૪, ૫/૧, ૫/૨, ૬ થી ૯, ૧૦/૧, ૧૦/૨, ૧૧ થી ૨૮, ૨૯/૧, ૨૯/૨, ૩૦, ૩૧ થી ૪૨, નો સમાવેશ મોજે ગામ પીસાદમાં કરવામાં આવેલ છે. તથા બ્લોક નં. ૨૪, ૨૬ થી ૩૬, ૩૭/પૈકી, ૩૮ થી ૪૦, ૪૧/પૈકી, ૪૨, ૪૩, ૪૪/પૈકી, ૪૫ થી ૪૯, ૫૦/પૈકી, ૫૨, ૫૩/પૈકી, ૫૪, ૫૫/પૈકી, ૫૬, ૫૮/પૈકી, ૫૯/પૈકી અને બ્લોક નં. ૮૩/પૈકીનો સમાવેશ મોજે ગામ જહાંગીરપુરામાં કરવામાં આવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ – ૧૯૭૬ હેઠળ બનાવેલ નિયમો ના નિયમ ૨૬ ના પેટા નિયમ–૩ ની જોગવાઈઓ મુજબ તમામ હિત ધરાવતી વ્યકિતઓને અથવા ઉપરોકત મુસદ્દારુપ નગર રચના યોજના સુરત નં. ૪૫ (જહાંગીરપુરા–પીસાદ) માં સમાવિષ્ટ કોઈપણ બાબતથી અસર પામેલી વ્યકિતઓને જાણ કરવામાં આવે છે કે તેઓ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ ની કલમ – ૫૨ માં જણાવેલી બાબતોના સંબંધમાં ગુજરાત રાજયપત્રમાં આ અધિસુચન પ્રસિધ્ધ થયાથી ૨૦ (વીસ) દિવસની અંદર પોતાના વાંધાઓ કે સુચનો, નગર રચના અધિકારી નગર રચના યોજના સુરત નં. ૪૫ (જહાંગીરપુરા–પીસાદ) સમક્ષ રજુ કરવા.

ઉપરોકત નગર રચના યોજનાની દરખાસ્તથી જે જે વ્યકિતઓની મિલ્કત અગર કે હિત ધરાવતી વ્યકિતઓ ને નુકશાન બાબત કોઈપણ વ્યકિત ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ ની કલમ – ૮૨ અનુસાર નુકશાની માંગવા હકકદાર હોય તો તેમણે પોતાની દાવાની વિગતો આ અધિસુચન પ્રસિધ્ધ થયાથી ૩ (ત્રણ) માસની અંદર નીચે સહી કરનાર નગર રચના અધિકારીને જરૂરી દસ્તાવેજો અને પુરાવાઓ સહિત લેખિતમાં મોકલી આપવા.

સરકારશ્રીએ મંજુર કરેલ મુસદ્દારુપ નગર રચના યોજના, સુરત નં. ૪૫ (જહાંગીરપુરા–પીસાદ) ની નકલ, જરુરી તમામ દસ્તાવેજો, પત્રકો, નકશાઓ વિગેરે જોવા માટે રજાના દિવસો સિવાયના તમામ દિવસોએ કચેરીના સમય દરમ્યાન નગર રચના અધિકારીની કચેરીમાં ખુલા રાખવામાં આવેલ છે. સદરહુ નગર રચના યોજનાની દરખાસ્તોથી અસર પામેલ કોઈપણ વ્યકિતએ નીચે જણાવેલ કચેરીમાં યોજના જોવાની તથા યોજનાની દરખાસ્તો સમજાવવા માટેની જરુરી વ્યવસ્થા કરવામાં આવી છે.

પત્રનં.ન.ર.યો. સુરત નં. ૪૫(જહાંગીરપુરા–પીસાદ)/જનરલ/[illegible]
સુરત. તારીખ:–૨૭/૦૨/૨૦૦૪.

(આર. એન. રાદડીયા)
નગર રચના અધિકારી,
નગર રચના યોજના, સુરત
સુરત નં. ૪૫(જહાંગીરપુરા–પીસાદ)
સુરત.

સરનામુ :
નગર રચના અધિકારી,
નગર રચના યોજના,
ફુલપાડા–કપાદ્રા યુનીટ, સુરત.
મ્યુનિસિપલ બિલ્ડીંગ – ૨ જા માળે,
બમનજીની શેરીના નાકે, રૂઘનાથપુરા,
મેઈનરોડ, સુરત – ૩.
ફોન નં. :– ૨ ૪ ૫ ૮ ૩ ૧ ૬.